# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-09-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ઉપરાષ્ટ્રપતિ

ઉપરાષ્ટ્રપતિ પદ માટે ગઇકાલે યોજાયેલી ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-**NDA**ના ઉમેદવાર અને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનનો વિજય થયો છે. રાજ્યસભાના મહાસચિવ પી. સી. મોદીએ આ અંગે માધ્યમોને માહિતી આપતા કહ્યું, ઉપરાષ્ટ્રપતિ માટે **NDA**ના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનને 452 મત મળતા ઉપરાષ્ટ્રપતિ માટે તેમની પસંદગી થઈ છે. જ્યારે ઉપરાષ્ટ્રપતિ માટે વિરોધ પક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને 300 મત મળ્યા છે.

**-----------------------------------------------------------------------------------------------**

## સ્વચ્છવાયુ સર્વેક્ષણ – સુરત શહેર

સુરત શહેરને સતત બીજા વર્ષે સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. સમગ્ર દેશમાં સ્વચ્છ વાતાવરણ ધરાવતા શહેરોમાં સુરત શહેરે ત્રીજુ સ્થાન મેળવ્યું છે.

ગઇકાલે નવી દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સમારોહમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના હસ્તે શહેરના મેયર, અને મ્યુનિસિપલ કમિશ્નરને આ પુરસ્કાર આપવામાં આવ્યો.

દેશના 130 શહેરોમાં વાયુ પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસો, કચરા નિકાલની વ્યવસ્થા, વાહન તથા ઔદ્યોગિક ઉત્સર્જનમાં ઘટાડો વિગેરે જેવા માપદંડો સાથે સ્વચ્છ વાયુ સર્વેક્ષણ યોજાયો હતો, તેમાં સુરત ગુજરાત રાજ્યમાંથી પસંદ થયેલું એકમાત્ર શહેર છે.

**-----------------------------------------------------------------------------------------------**

# વિધાનસભા : ઓપરેશન સિંદૂર

ગુજરાત વિધાનસભામાં ઓપરેશન સિંદૂરની સફળતા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરાયો. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસ્તાવ રજૂ કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશ વિરુદ્ધની નાપાક હરકતોનો સજ્જડ જવાબ આપી શકાય તે ઓપરેશન સિંદૂરથી પુરવાર થયું. તેમણે ઉમેર્યું અત્યાધુનિક ટેકનોલોજીની સજ્જતા અને મેક ઇન ઇન્ડિયાની સફળતાનો વિશ્વને ઓપરેશન સિંદૂરથી પરિચય મળ્યો.

---------------------------------------------------------------------------------------------

# વિરાણી મોટી જૂથ ગ્રામ પંચાયત

વિરાણી મોટી જુથ ગ્રામ પંચાયતના વિરાણી મોટી, વિરાણી નાની અને સુખપર ગામોનો નખત્રાણા નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. નખત્રાણા નગરપાલિકામાં સમાવેશ કરવાથી આ ગામોને સરકારશ્રીની વિવિધ ગ્રાન્ટોમાં વધારો થશે અને તેનો મહત્તમ લાભ મળશે અને માળખાકીય અને ભૌતિક સુવિધાઓમાં વધારો થશે, જેનાં લીધે આ ગામોનો સર્વાંગી વિકાસ થશે અને લોકોની સુખાકારીમાં વધારો થશે.

---------------------------------------------------------------------------------------------

# મોટા યક્ષનો મેળો

યક્ષનો મેળો પુનઃ શરૂ કરવા મળી મંજૂરી મળતા તા. 13, 14 અને 15 સપ્ટેમ્બરના યોજાશે. ટ્રેક્ટર, જેસીબીથી ગ્રાઉન્ડ સફાઈ તેમજ પાણીનો નિકાલ કરાઈ રહ્યો છે. સમિતિ દ્વારા બજારોમાં કાદવ કીચડ કાઢવામાં આવી રહ્યા છે. પંચાયત તેમજ મેળા સમિતિ દ્વારા ગ્રાઉન્ડ સફાઈ તેમજ મંડપ બાંધવાનું ફરી શરૂ કરાયું છે. મેળો પ્રારંભ બાદ વરસાદ શરૂ થતા મેળાની મજા બગડી હતી પરંતુ ફરી મેળો યોજવા માટે નાયબ કલેક્ટર દ્વારા મંજૂરી અપાઇ છે. માંગવામાં આવી હતી. જે 13, 14 અને 15 ત્રણ દિવસ યોજવા માટે મંજૂરી અપાઈ છે. ચકડોળ,

રાઇડ્સ, ખાણીપીણીના સ્ટોલ, મનોરંજનના સ્ટોલ વગેરે રાબેતા મુજબ ચાલુ રહેશે અને સહેલાણીઓ ફરી પાછો મેળાની રોનક માણી શકશે.

---------------------------------------------------------------------------------

## આરોગ્ય તંત્ર સજ્જ

કચ્છમાં વરસેલા ભારે વરસાદે ગઇકાલે વિરામ લીધો છે. વરસાદી પાણી ભરાવાના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય એ માટે આરોગ્ય તંત્રએ કામગીરી હાથ ધરી છે. રાપર અને ભચાઉ તાલુકામાં 154 જેટલી ટીમ દ્વારા દવા છંટકાવ, કલોરિનેશન, મચ્છર ઉત્પત્તિ સ્થાનનો નાશ કરવા સહિતની કામગીરીને વેગવંતી બનાવવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી અને રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારે વિગતો રાપર અને ભચાઉ તાલુકા ઉપરાંત ભુજના બન્ની પચ્છમ વિસ્તારમાં ભારે વરસાદ પડતાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો ફાટી ન નિકળે એ માટે વિશેષ કવાયત હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## પીજવીસીઅલ –ભુજ ગ્રામ્ય પેટા વિભાગ

ભુજ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સતત વધારો થતો હોવાથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની હસ્તકના વીજ ગ્રાહકોની સંખ્યા પણ વધતાં તેને પહોંચી વળવા હવે ભુજ ગ્રામ્ય પેટા વિભાગની વધારાની કચેરી મંજૂર કરવામાં આવી છે.

પી.જી.વી.સી.એલ.ના ભુજ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વીજ જોડાણોની માંગ વધતી જાય છે. દેશલપર અને ભુજ ગ્રામ્ય સબ ડિવિઝન અને ભુજ શહેરમાં સિટી-1 - સીટી-2ની કચેરીઓ કાર્યરત છે, પરંતુ ગ્રાહકો વધતાં કામગીરીનું ભારણ વધ્યું હોવાથી તેને પહોંચી વળવા હવે ગ્રામ્ય-2ની કચેરી મંજૂર થતાં ભુજ શહેર, ગ્રામ્ય અને દેશલપરની પેટા કચેરીના અલગ ભાગ કરવામાં આવશે તેવું કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## ભુજહાટ ખાતે કલા ઉત્સવ

કચ્છી કલાકારોની હસ્તકળા તેમજ વસ્ત્રકળાને પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુથી આવતીકાલથી બે દિવસ માટે ભુજહાટ ખાતે યોજાશે. આ કલા ઉત્સવમાં 40 જેટલા કારીગરો પોતાની કળાનું પ્રદર્શન સહ વેચાણ કરશે. આ કલા ઉત્સવના ઉદ્ઘાટન સમારોહમાં ભુજના ધારાસભ્ય, જિલ્લા ભાજપ અધ્યક્ષ, નગરઅધ્યક્ષા તેમજ પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષકની વિશેષ ઉપસ્થિતમાં આવતીકાલે કલા ઉત્સવ મેળો ખુલ્લો મુકાશે.

-----------------------------------------------------------------------------------------

## એશિયા કપ

એશિયા કપ ક્રિકેટ જંગનો  ગઈકાલથી આરંભ થયો છે. અબુધાબી અને દુબઇ એમ બે સ્થળે યોજાનાર ટી 20 મેચમાં આઠ ટીમો ભાગ લઈ રહી છે. ભારત આજે દુબઇ ખાતે સંયુક્ત આરબ અમીરાતની ટીમ સામે તેના જંગનો આરંભ કરશે. મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------------